# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૩૦ • તા. ૦૫ જાન્યુઆરી થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


# કેડીઓ નારી શક્તિ આધુનિક કોર્પોરેટ બ્રાન્ડિંગ માધ્યમથી નવી રોશની ફેલાવશે










Shree Samast KDO Jain Mahajan

KDO

www.kdosamastamahajan.org


મિત્ર ચાર પ્રકારના હોય છે.
તાળી મિત્ર, પ્યાલી મિત્ર,
થાળી મિત્ર અને ખ્યાલી મિત્ર.
આની વ્યાખ્યા આવી રીતે થઈ શકે.
તાળી મિત્ર સાથે ગપ્પાં ગોષ્ઠિ કરવામાં આવે છે.
પ્યાલી મિત્ર સાથે ચા, કોફી, ઠંડા પીણા
ગટગટાવવામાં મજા આવે છે.
થાળી મિત્રની સાથે બંન્નેના પરિવાર સંગે
હળીમળીને ભોજન લે છે.
જ્યારે ખ્યાલી મિત્ર એટલે
સમાન વિચારધારા ધરાવનાર એવો દોસ્ત
જેને સ્મરતા સહસા આદર ભાવ જાગે.

– અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તીલોકચંદ નરશી દંડ**
**કિર્તીકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
**www.kdosamastamahajan.org**
**Email :**
**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ચતુર્થ જ્ઞાતિ સંમેલનની ફળશ્રુતિ

વર્ષોના વહાણા વિત્યા બાદ નલિયા મધ્યે યોજાઈ ગયેલ ત્રિદિવસીય જ્ઞાતિ સંમેલન મૌસમના વાતાવરણને વિપરીત હાજર રહેલ સૌ જ્ઞાતિજનોને હૂંફ આપી ગયું. રાજ્યનું સૌથી શીતળ નગર ક.દ.ઓ.જ્ઞાતિજનોની હાજરીને લીધે સમગ્ર પરિસર હુંફાળું બની ગયું હતું.

ગુરૂ સંતવર્યના આશિષ અને ધર્મવચનથી મંગળ પ્રારંભ થયું ધર્મધજાનું આરોહણ કરી. શરૂઆત થઈ પ્રભુ પરમાત્મા, દેવીઓ તેમજ જ્ઞાતિ શિરોમણિ શ્રેષ્ઠશ્રીની તસ્વીરોને પુષ્પ માળાથી અભિષિત કરી આશિર્વાદ લેવાયા. પ.પૂ. ગચ્છાધિપતિશ્રીનું ગુરૂપૂજન કરાઈ કામળી વહોરાવાઈ તથા અબોલ પશુઓને ચારો નીરવાની જાહેરાત થઈ.

ત્યારબાદ મંચસ્થ મોવડીઓ દ્વારા કાર્યવાહી આગળ વધારાઈ. સ્વાગત પ્રવચન થયું. ત્રીજા સંમેલનના પ્રમુખશ્રીએ ચતુર્થ સંમેલન ખૂલ્લું મૂકાયાની સહર્ષ જાહેરાત કરી સુકાન ચતુર્થ સંમેલનના પ્રમુખશ્રીને સોંપ્યું. સેક્રેટરી જનરલ દ્વારા કાર્યવાહી અહેવાલ રજૂ થયો.

વિવિધ સત્રોમાં ધાર્મિક ક્ષિણને વેગ મળે એ માટે પાઠશાળાઓ શરૂ કરવા, સરકારી જાહેરાત પ્રમાણે લઘુમતિ જાતિના ફાયદાઓનો લાભ મલે એ માટે વિશેષ સમિતિ રચવી, વિગેરે ઉપરાંત શૈક્ષણિક, સામાજિક, સ્વરોજગાર લક્ષી પ્રવૃત્તિઓ માટે, મેડિકલ ટેસ્ટની સગવડ સુલભ થાય અને સુલભ રીતે તબીબી ખર્ચ માટે મદદ મળે એવી યંત્રણા ઘડવા, યુવા એન્ટરપ્રીન્ટર્સને ઉત્તેજન માટે માર્ગદર્શન ઉપરાંત જીવદયા મધ્યસ્થ ફંડ સ્થાપવા અને સંસ્થાઓ તેમજ પ્રત્યેક જ્ઞાતિજનને આર્થિક સહાયરૂપ બને એવી શાલીભદ્ર યોજના અમલમાં લાવવા, દિવ્યાંગજનો માટે દવા માવજત પેન્શન યોજના અને જ્ઞાતિજનો માટે આવાસ યોજના અમલી બનાવવાના સંકલ્પો વ્યક્ત થયા.


આમ વિવિધ રીતે વિશાલતાનો ફલક રાખી ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક પાસાને સ્પર્શતા મુદ્દાઓને ન્યાય અપાયો. યુવા પેઢી અને મહિલાઓ પોતાની રીતે ચિંતન અને મંથન કરી જ્ઞાનવર્ધક ચર્ચા સત્ર યોજી જ્ઞાન સમજથી અપટેડ થયા.

સમગ્ર રીતે ચતુર્થ સંમેલન સૌ માટે અગત્યનું અણમુલું ભાથુ આપ્યું. થયેલ સંકલ્પો, ઠરાવો આગળ જતાં તાત્કાલિક અમલી બને એ માટે સૌના સહિયારા પ્રયત્નોથી આ કાર્ય સિધ્ધ થશે. આમ ત્રણ દિવસીય સંમેલન જ્ઞાતિ માટે અલભ્ય અવસર આપતું ગયું છે.

– જય જ્ઞાતિમૈયા

# કેડીઓ નારી શક્તિ આધુનિક કોર્પોરેટ બ્રાન્ડિંગ માધ્યમથી નવી રોશની ફેલાવશે








નલિયા ખાતે તાજેતરમાં મળેલ ચતુર્થ સંમેલનમાં મહાજનશ્રીની મહિલા સશક્તિકરણ સમિતિ દ્વારા પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ સંમેલન યોજાયું. ત્રણેય દિવસ જુદા જુદા વિષયો ઉપર વિવિધ નિષ્ણાત વક્તાઓ નારી શક્તિ સંમેલન સંબોધન કરી માર્ગદર્શન આપેલ. વક્તાઓમાં ભાવિકા હેફા(લાડ), દિવ્યા મોમાયા, એડવોકેટ મિનલ ખોના, વિકમશી, મિનલબેન દંડ, પલ્લવી ધરમશી, જયશ્રીબેન દંડ, લતાબેન મોમાયા, ભારતીબેન દંડ, કાશ્મીરાબેન લુઠીયા, મીતાબેન મોતા, વગેરે નિષ્ણાતોએ વિવિધ વિષયો ઉપર બખૂબીથી સમજ આપી. આ વિષયોમાં હાઉ ટુ સેટઅપ અ બિઝનેસ અરિહંત બેંક દ્વારા નવા બિઝનેસ માટે બહેનોને મળતી સ્પેશિયલ સ્કીમ, નારીના કાયદાકીય હક, વિલ શું કામ અને કેવી રીતે બનાવવું, મેડિકલ અવેરનેસ, આજના ઈલેક્ટ્રોનિક યુગમાં ડિજીટલ અવેરનેસ વિષયે જાગૃતતા ધરાવવી જેવા વિષય હતા.

જ્ઞાતિમાં પ્રથમ નારી શક્તિ સંમેલન યોજાયું તેની ફળશ્રૃતિરૂપે ૬૦ મહિલાઓ સંગઠિત થઈ પ્રત્યેક જણ દોઢ લાખનું સ્વ રોકાણ જમા કરી લગભગ ૧ કરોડની પ્રાથમિક મૂડી જમા કરી પ્રાઈવેટ લિમીટેડ કં. નું સ્થાપન કરવાનું નક્કી કર્યું. આ










## કેડીઓ નારી શક્તિ આધુનિક કોર્પોરેટ બ્રાન્ડિંગ માધ્યમથી...



કંું. દ્વારા એક બ્રાન્ડ ઉભી કરાશે જેના થકી મહિલાઓ ઉત્પાદિત વસ્તુઓ આ બ્રાન્ડ હેઠળ માર્કેટીંગ કરાશે અને વેચાણ કરાશે, આમ જ્ઞાતિની નારી શક્તિનો બ્રાન્ડ લોગો માર્કેટમાં છવાશે. આ સિદ્ધિ સંકલ્પ ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં મજબુત રીતે નારી શક્તિ દ્વારા સશક્તપણે મળ્યું છે.

## JITO દ્વારા ભવ્ય જૈન B2B વ્યાપાર મેળા ઉડાનનું આયોજન થશે

'Any time is good time to start a company' ઉક્તિને સાર્થક કરવા તેમજ સ્ટાર્ટઅપ માટે ઈચ્છુક આન્ત્રપ્યુનર્સને યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડવાના ઉદ્દેશથી જીતો (JITO) દ્વારા તા.૧૫-૧૬-૧૭ માર્ચ ૨૦૧૯ના ગોરેગાંવ-મુંબઈ સ્થિત નેસ્કો ગ્રાઉન્ડમાં ભારતના સૌથી મોટા જૈન B2B વ્યાપાર મેળા 'ઉડાન'નું આયોજન કર્યું છે.

ઉડાનમાં સ્ટોલ બુક કરાવવા મોબાઈલ - ૭૩૦૪૮૫૪૩૪૫, ૭૩૦૪૮૦૧૨૦૮ અથવા ઈમેલ - udaanstallbooking@gmail.com પર સંપર્ક કરવો. આ સંબંધી લેટેસ્ટ માહિતી મેળવવા ૭૮૪૦૦૧૫૧૫૧ પર મિસ્ડ કોલ કરો.


શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥ શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ॥

### શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસૂરિ સ્મારક ટ્રસ્ટ

(પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E-9687)

યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મહારાજ ૩૪, ખડક સ્ટ્રીટ, ૧લે માળે, રૂમ-૬૦, મુંબઈ-૪૦૦ ૦૦૯.
શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫. ફોન નં. ૦૯૯૬૯૧ ૮૪૩૭૭ / ૯૩૭૩૪ ૫૧૪૧૪

**ભાવભર્યું આમંત્રણ**

અચલગચ્છના દેવીશ્રી મહાકાલી માતાજીની ૨૪માં વરસની મહાપૂજા પહેડી ૨૦૭૫ મહાસુદ ૫, રવિવાર તા. ૧૦-૨-૨૦૧૯ શ્રી ભાંડુપ મેવાડ કેશરી ભવન સ્થાને ૮ થી ૨ રાખેલ છે.

**કાર્યક્રમ :** • સવારના ૮ થી ૧૧ શ્રી મહાકાલી દેવી મહાપૂજન ૨૪ વરસના દાતાઓથી • ૧૧ થી ૧૨ પૂજ્ય યતિશ્રીના ૭૫મા જન્મદિન અમૃત વર્ષની ગુરૂવંદના • ૧૨ થી ૧૨.૨૦ પહેડી-આરતી દાતાઓથી • ૧૧ થી ૨ દર્શન-વંદન પ્રસાદ સાધર્મિક ભક્તિ • ૧૦ થી ૧ ભક્તિ સંગીત

**૨૪ વરસના દાતા પરિવારો**

**માતુશ્રી લખમીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર,** સુથરી-મુલુંડ
**માતુશ્રી મધુરીબાઈ પ્રતાપ ધરમશી** હ. **સંકેત ધરમશી,** સુથરી-મુલુંડ
**માતુશ્રી ઝવેરીબાઈ શામજી દંડ,** સુથરી-મુલુંડ
**માતુશ્રી ચંપાબાઈ હંસરાજ ડાઘા** હ. **હીરાલાલ ડાઘા,** વરાડીયા-માટુંગા
**અ.સૌ. મધુબેન લહેરચંદ ડાઘા,** વરાડીયા-ભાંડુપ
**એક સદ્‌ગૃહસ્થ** હ. **અમીત મોમાયા**

આ પ્રસંગે અચલગચ્છના પૂજ્ય સંતો પૂજ્ય સાધ્વીજી મ.સા. પધારી માંગલીક આશીર્વાદ આપશે વિશેષ પૂજ્ય નરેશચંદ્રજી મ.સા. અને ઓજસ મુનિ મ.સા. ખાસ ગુરૂતત્વની વિશેષ જણાવશે. સૌ સંતોને ગુરૂવંદના ભક્તિ સંગીત શ્રી વિકાસકુમાર એન્ડ પાર્ટી, હંસકુમાર મૈશેરી, અ.સૌ. ચેતના હરિયા અને ઉત્તમ છેડા કાર્યક્રમને વિશેષ ઓપ આપશે.

આપ સૌ ભાવિકો ગુરૂભક્તો મા ના દર્શન વંદન સૌ સંતોના આશીર્વાદ મા ગુરૂઉત્સવ ના યાદગાર પ્રસંગે પધારવા આત્મીય ભાવનું આમંત્રણ રૂબરૂ જાણી પધારશોજી. શ્રી ભાવેશ લોડાયા, શ્રી નવીન મારૂ, શ્રી હર્ષવર્ધન અને શ્રી હેમેન્દ્ર લોડાયા.

**ટ્રસ્ટ મંદિર ૨૪ વરસના દાતા પરિવારો સાથે**
**શ્રી મુકેશ મૈશેરી, શ્રી હંસકુમાર મૈશેરી**

નોંધ : રાત્રે ૮ કલાકે અનંતનાથ દેરાસરજીમાં ભક્તિ ભાવના મનરાજા ભણાવશે સૌ પધારશો. **જય જય મહાકાલી મા**

## દેવલાલી નગરે શ્રી ગૌતમસ્વામી એવમ્ મહાકાલી માતાજીનો નગર પ્રવેશ

દેવલાલી નગરે શ્રી અનંત આરોગ્યનિધી સંકુલ મધ્યે શ્રી વિમલ-ગુણોદય-મુક્તિ-જય આશિષે શ્રી નવલસદ્ગુણા નવગ્રહ ધ્યાનાલયના પ્રતિષ્ઠા પ્રસંગ નિમિત્તે શ્રી ગૌતમસ્વામી-મહાકાલી માતાજી સહ નવગ્રહોનો વાજતે-ગાજતે આગમવિશારદ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિ મ.સા.ની પાવન નિશ્રામાં પ્રવેશ કરાવવામાં આવ્યો. નવલબાઇ એવં સદ્ગુણાબેન પરિવારના સભ્યોએ દેવલાલી-નાસિક વાસીઓ તથા અઠમ તપના તપસ્વીઓએ સાથે લાભ લીધો.

આનંદ-મંગલમય વાતાવરણમાં ભાવોલ્લાસથી ગૌતમસ્વામી એવં મહાકાળી માતાજીની ભક્તિ તથા ગુરૂ ગૌતમસ્વામીની વાસક્ષેપ પૂજા કરીને એમને જિનાલયમાં પધરાવવામાં આવ્યા.

## સોનગઢ રત્નાશ્રમના સ્થાપક મુનિરાજ કલ્યાણચંદ્રજી મ.સા.ની જન્મજયંતિ ઉજવાઈ

શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ સંસ્થાના સ્થાપક પૂ. મુનિરાજ કલ્યાણચંદ્રજી મ.સા.ની ૧૩૫મી જન્મ જયંતિની ખૂબજ ઉલ્લાસપૂર્વક ઉજવણી થઇ.

ડિસેમ્બર ૨૪-૨૫ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોનું ભાવપૂર્વક રત્નાશ્રમમાં આગમન થયું. ૨૫/૧૨ સવારના બાળકો દ્વારા મલખમ અને સ્કેટિંગનું સરસ પરફોમન્સ બતાવવામાં આવ્યું. નવકારશી પછી પૂ.મુનિરાજ કલ્યાણચંદ્રજી મ.સા.ની સમાધિએ બેન્ડની સંગાથે પુષ્પાંજલિ આપવામાં આવેલ.

## શ્રી જશાપર નગરે ધ્વજા મહોત્સવ

મુગટમણિ શેઠશ્રી કેશવજી નાયક સ્થાપિત પ્રાચીન જિનાલયમાં બિરાજમાન શ્રી આદિનાથ દાદાની ૧૪૨ વર્ષગાંઠ ઉજવણી માટે ગામવાસીઓ તથા ગામની નિયાણી બહેનો ને

સહપરિવારે પધારવા ભાવભર્યા નિમંત્રણ. તા.૨૦-૨-૨૦૧૯ને વાર બુધવાર શુભ મુહુર્ત વિધી વિધાન સાથે ધ્વજા મહોત્સવની ઉજવણી થાયે સમયસર પધારશો. જશાપર આવનાર ભાગ્યશ્રી આપણા નામ અગાઉની લખાવવા વિનંતી. એમ અખબારી યાદીમાં જણાવેલ છે.

### બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી નરદે રણશી ધરમશી (સેવક ભરૂડીયા, પાલીતાણા, કોઠારા) પરિવારની સમૂહપેડી

કુળદેવી શ્રી સખત માતાજીની ૭મી સમૂહ પહેડી ૧૭-૦૨-૨૦૧૯ના સવારના ૮.૦૦ થી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી રોટરી ક્લબ હૉલ, સુવિધીનાથ દેરાસરની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (ઇસ્ટ), મુકામે યોજેલ છે.

આ પ્રસંગે પરિવારના સર્વેને તથા નિયાણી બહેનો-દીકરીઓને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

સંપર્ક : વિનીત ધનજી ધરમશી - ૯૮૧૯૩૨૯૮૮૯, કીર્તિ ખીમજી ધરમશી - ૯૮૧૯૬૬૭૫૬૦.

---

# ક.દ.ઓ. જૈન જ્ઞાતિના મહાજનો જોગ

હાલમાં યોજાયેલ જ્ઞાતિના ચતુર્થ સંમેલનમાં થયેલ નિર્ણયો અનુસાર કાર્યવાહીઓ સરળ કરવા માટે, સૌ મહાજનો, મહાજનના પદાધિકારીઓ મહાજનના મહાસમિતિના સભ્યો, સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓના તે મહાજનના સભ્યોના નામ, સરનામાં, હોદ્દો, મોબાઇલ નંબર, વોટ્સઅપ નંબર, ઇમેઇલ આઇડીની માહિતી સમસ્ત મહાજનની ઓફીસે પત્રથી વોટ્સઅપથી કે ઇ-મેલથી તુરંત મોકલવા વિનંતી છે. આપના મહાજનની વિગતો ૧૫ દિવસમાં મળી જાય તેની તકેદારી લેશોજી. સમસ્ત મહાજનની ઇ-મેલ આયડી. mahajansamast@gmail.com જરૂર પડે તો મો.નં./ વોટ્સએપ ૯૭૬૯૯ ૯૧૯૨૨ પર મનીષ લોડાયાનો સંપર્ક કરશોજી.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

**ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા**


KDO
સ્વાભિમાની જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

## કુમઠા તથા વાલગીરી દેરાસરજી - અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ પ્રસંગે તા. ૦૭ તથા ૦૮ માર્ચ ૨૦૧૯ના પધારવા હાર્દિક આમંત્રણ.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સંચાલિત, પ્રાચીન, શ્રી શાંતિનાથજી દેરાસરજી, વાલગીરી તથા શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી, કુમઠા મધ્યે **અઢાર અભિષેક તથા ધ્વજા મહોત્સવ**નો પ્રસંગ ફાગણ સુદ બીજ તથા ત્રીજ, **ગુરૂવાર તા. ૦૭-૦૩-૨૦૧૯** તથા **શુક્રવાર તા. ૦૮-૦૩-૨૦૧૯**ના રોજ **પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.**ની નિશ્રામાં ધામધૂમથી ઉજવીએ.

સૌ જ્ઞાતિજનોને વહેલી તકે ટિકિટો કઢાવી લેવા આગ્રહભરી વિનંતી છે. દર વર્ષે હુબલી, ગદગ, સીરસી, ગોવા વગેરે ગામોથી ૧૦૦-૧૨૫ જ્ઞાતિજનો ટ્રસ્ટના આમંત્રણને માન આપીને ઉમળકાભેર આવે છે. ત્યાં રહેવા, જમવાની વ્યવસ્થા ખૂબ સુચારૂ રૂપે થાય છે.

**-: વ્યવસ્થા માટે સંપર્ક :-**

**શ્રી કાંતિલાલભાઇ (કુમઠા) - 092421 75461**
**શ્રી હીરાચંદભાઇ (વાલગીરી) - 081056 05020**

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**

**નોંધ :** જે કોઇ જ્ઞાતિજન ઉપરોક્ત પ્રસંગે પધારવાના હોય, તેમણે પોતાના નામ, ઉંમર, મોબાઇલ નંબર, કચ્છ/હાલારનું ગામ તથા હાલ રહેઠાણની વિગત તા. ૦૪-૦૨-૨૦૧૯ સુધી કુમઠા જણાવવી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

## દંડ પરિવાર – રેલડીયા મંજલ

રેલડીયા મંજલ દંડ પરિવાર દ્વારા સચ્ચાઇ માતાજીના શાસ્ત્રી પાઠ ૨૭-૪-૧૮ થી ૨૯-૪-૧૮ સુધી રેલડીયા મંજલ-કચ્છ ખાતે આયોજીત કરેલ છે. રહેવા તથા જમવાની વ્યવસ્થા સ્થાનિકે રાખેલ છે. પરિવારજનોને પધારવા નિમંત્રણ છે. આપના નામ નારાણજી લખમશી દંડ (બચુભા) – ૯૭૨૭૫૩૫૪૭૫ અથવા અનીલ ચત્રભુજ દંડ – ૭૯૭૭૦૦૧૩૦૦ ઉપર નોંધાવી દેવા.

# શ્રી મુલુંડ શ્વે.મૂ.જૈન સંઘના આંગણે સોનેરી અવસર

કચ્છ વાગડ દેશોધ્ધારક શ્રી જિન વિજયજી મહારાજા સમુદાયના ‘સુરશાંતિ ના ચરમ પદધર આશ્રિતગણ હિતચિંતક પ.પૂ.આ.ભ.શ્રી વિ.જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજા’ તથા સુરિસંયમના શિષ્યરત્ન આધ્યાત્મ સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી.વિ. યોગતિલક સૂરીશ્વરજી મહારાજાની પરમપવિત્ર નિશ્રામાં વિ.સં.૨૦૭૫ ફાગણ સુદ-૭ તા.૧૩/૩/૨૦૧૯ના શુભ દિવસે બોરીવલી ખાતે થનારી ઐતિહાસીક ૪૦ દિક્ષાના દિક્ષાર્થીઓ આપણા શ્રી મુલુંડ શ્વે.મૂ.જૈન સંઘના પરમ સૌભાગ્યે શ્રી સંઘના આંગણે પધાર્યા છે.

સકળ સંઘ દિક્ષાર્થીઓની ભક્તિ કરી શકે અને તેમના વૈરાગ્યનું કારણ જાણી શકે તેવા સુંદર મજાના આશયથી ૪૦-૪૦ દિક્ષાર્થીઓ શ્રી સંઘમાં અંતિમ વાયણુ તા.૯-૧-૨૦૧૯ બુધવાર, સમય-બપોરના ૧૧.૩૦ તથા વિરાગી દિક્ષાર્થીઓના વિરાગની વાત તેમના મુખ કમલથી સાંભળવાનો અદ્દકેરો અવસર ૯-૧-૨૦૧૯ બુધવાર, સમય – રાત્રે ૮.૩૦ કલાકે, સ્થળ – શ્રી મુલુંડ શ્વે.મૂ.જૈન સંઘ, ઝવેર રોડ, મુલુંડ(વેસ્ટ).

પ્રોગ્રામનું સંચાલન – શ્રી મૌલિકભાઈ શાહ(બોરીવલી), સંગીત – શ્રી સીમંધર જિન ભક્તિ મંડળના ભાઈઓ દ્વારા ઉપરોક્ત પ્રસંગો મુલુંડના તમામ ભાઈઓ-બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

---

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

**શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ્સ ટ્રસ્ટ તથા**

**શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ – મંજલ**

*શ્રી આદેશ્વર દાદાના જિનાલયે ૧૩૭મી ધજાના મહોત્સવે સૌ ભાવિકજનો તેમજ ગામની નિયાણી બહેનોને પધારવા ભાવભીનું આમંત્રણ છે.*

**મંગલમય કાર્યક્રમની રૂપરેખા**



- તા. ૧૩-૦૫-૨૦૧૯ના અઢાર અભિષેક પુજન બપોરે ૦૨:૦૦ કલાકે
- તા. ૧૪-૦૫-૨૦૧૯ના સત્તર ભેદી પુજન સવારે ૦૮:૦૦ કલાકે
- તા. ૧૪-૦૫-૨૦૧૯ના પુર્ણાહુતિ બપોરે ૦૧:૦૦ કલાકે

વિધિકાર
શ્રી ચંદ્રકાંત દેઢિયા
બિદડા-કચ્છ

*૧૩૭મી ધજાના લાભાર્થી પરિવાર માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવારને તથા માતુશ્રી વાલબાઈ વિશનજી ધરમશી પરિવારને સંયુક્ત રીતે મળેલ છે.*

**માદરે વતનને જાણવાની, મંજલના વિકાસને જોવાની તથા કુટુંબ મેળાને માણવાની આવી અનુપમ તક ફરી જલદી નહીં મળે. આપના આગમનની જાણ વહેલી તકે કરશોજી જેથી આપની સગવડાતા કરવામાં સુગમતા રહે.**

| અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં | અભિ ક્રમ | કુપન નં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉછા | ૪ | ૦૩૬ | ૭ | ૦૦૨ | ૧૦ | ૦૧૮ | ૧૩ | ૦૧૭ | ૧૬ | ૦૩૦ |
| ૨ | ૦૧૬ | ૫ | ૦૪૨ | ૮ | ૦૪૩ | ૧૧ | ૦૦૪ | ૧૪ | ૦૪૧ | ૧૭ | ૦૨૫ |
| ૩ | ૦૨૯ | ૬ | ૦૦૧ | ૯ | ઉછા | ૧૨ | ૦૨૪ | ૧૫ | ૦૦૯ | ૧૮ | ઉછા |


અઢાર અભિષેકના વિજેતાઓને મોબાઈલ ફોન પર જાણકારી આપી દેવામાં આવી છે.

સંપર્ક :- મો. : ૯૭૦૨૦ ૩૬૩૩૦ / ૯૭૨૬૭ ૭૬૬૨૭ / ૯૮૨૦૩ ૫૨૩૯૧ / ૭૦૨૧૮ ૧૪૦૫૨

# સ્વયંસિધ્ધા સન્નારી મહેંદી ક્વીન વીણા નાગડા



દિપીકા પાદુકોણ સાથે વીણા નાગડા



રણવીર સિંહ સાથે વીણા નાગડા



સોનમ કપુર સાથે વીણા નાગડા

આપ બળે, સ્વ સંકલ્પથી આગળ વધી કલા અને હસ્ત કામણથી સ્વયં સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહેંદી ક્વીન વીણા નાગડા આજે સર્વત્ર જ્ઞાતિ સમાજની ઓળખ સમા છે. નજીવું શિક્ષણ છતાં આટ આટલા ઉચ્ચ શિખરે પોતાની મહેનત, લગન અને પ્રતિભાથી પહોંચ્યા એ ગૌરવ ઘટના અને સૌને પ્રેરણા આપે એવી જીવનગાથા છે.

તેમના દ્વારા મુકાતી મહેંદીનો રંગ આજે દેશની વિવિધ સેલિબ્રિટી પરિવારોના પ્રસંગોમાં નિખરે છે. બોલીવુડના કલાકારો હોય, ઉદ્યોગપતિ હોય કે રાજકારણના ઉચ્ચ અગ્રણીજનો હોય તેમના પરિવારોના પ્રસંગોની શરૂઆત વીણાબેન નાગડાની શુકનવંતી મહેંદી મુકવાથી થાય છે.

તેઓ પોતાની આગવી કલાનો લાભ વિવિધ જ્ઞાતિની અસંખ્ય શિખાઉ બહેનો શીખવાડી તેઓને પગભર કર્યા છે. જેઓ આજે સ્વબળે પોતાના સંસાર વ્યવહારમાં ખુમારીથી સગર્વ પણે ઉભી છે. એકવેંતના મહેંદી કોનથી તેઓએ આટ આટલી સિદ્ધિ મેળવી છે એ બદલ વીણા નાગડા માટે આપણે સૌને ગર્વ છે.



ઈશા અંબાણી સાથે વીણા નાગડા



શ્લોકા મહેતા સાથે વીણા નાગડા



કપીલ શર્મા સાથે વીણા નાગડા



કપીલ શર્મા વાઈફ ગીન્ની ચતરથ સાથે વીણા નાગડા



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

**શ્રી જખૌ પાંજરાપોળની સર્વ સહયોગી, શુભેચ્છકોને નુતનવર્ષ ૨૦૧૯ની શુભેચ્છા.**

## જીવદયા સહાય માટે વિજ્ઞપ્તિ

સમયના વિતવા સાથે દુષ્કાળની અસર વર્તાય છે. એમપી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત થી આવતા ચારાના ભાવ વધતા જાય છે. પાણીના સ્રોત ખૂબજ મર્યાદિત છે. પાઇપ દ્વારા પાણી મળે છે. વધઘટમાં ટેન્કર દ્વારા મંગાવવુ પડે છે જે ખૂબ મોંઘુ પડે છે. ઉનાળામાં ખૂબ તકલીફ પડશે. સરકાર તરફથી મર્યાદિત રાહત સહાય મળે છે. જરૂરિયાત ઘણી વિશાળ અને ભગીરથ છે.

જખૌ પાંજરાપોળમાં હાલ ૨૩૦ ઢોર છે. તેમના નિભાવનો માસિક ખર્ચ રૂા. ૩.૫ (સાડા ત્રણ) લાખ થાય છે, જે હજી વધવાની શક્યતા છે. પાંજરાપોળોનો નિભાવ વ્યક્તિગત દાતા, સંસ્થાઓ, ટ્રસ્ટો, મંદિરોના જીવદયાના ઉદાર દાન થકી થાય છે.

**હાલમાં જખૌ પાંજરાપોળને નીચે મુજબ દાન મળેલ છે.**

૧) રૂા. ૧,૧૧,૧૧૧/- માતુશ્રી સોનબાઇ વિશનજી ખીમજી મૈશેરી પરિવાર, જખૌવાલા, સ્વ. પુત્રી જયાબેન રતીલાલ દેઢિયા, કચ્છ બીદડાની તા. ૨૩-૧૨-૨૦૧૮ના તૃતિય પુણ્યતિથિ નિમિત્તે. ૨) રૂા. ૫૫,૪૯૬/- જૈન ટેમ્પલ ઓફ ન્યુયાર્ક. ૩) રૂા. ૫૧,૦૦૦/- શેઠ અશ્વિનભાઇ પ્રાણલાલભાઇ પંચમીયા, શીવ-મુંબઇ. ૪) રૂા. ૧૧,૦૦૦/- શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક સંઘ, ગાંધીધામ. ૫) રૂા. ૫,૦૦૦/- શ્રી પ્રેમચંદ માલસી મોતા પરિવાર, કુવાપધર-કલકત્તા. ૬) રૂા. ૫,૦૦૦/- સદ્‌ગૃહસ્થ, મહેશ્વરી. ૭) રૂા. ૫,૦૦૦/- સદ્‌ગૃહસ્થ, હૈદરાબાદ. ૮) રૂા. ૫,૦૦૦/- સદ્‌ગૃહસ્થ, દેના બેંક, નલીયામાં NEFT. ૯) રૂા. ૪,૦૦૦/- શ્રી મામલ મા ની પહેડી, દેઢીયા, હરીયા, ગડા પરિવાર, કચ્છ. ૧૦) રૂા. ૩,૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઘાટકોપર, મુંબઇ. ૧૧) રૂા. ૨,૫૦૧/- માતુશ્રી જવેરીબાઇ શામજી ખીઅશી દંડ, સુથરી. ૧૨) રૂા. ૨,૦૦૦/- શ્રી જલગામ નૂતન ભાવના મંડળ. ૧૩) રૂા. ૨,૦૦૦/- શ્રી અજીત પ્રવિણ ખોના, જખૌ-અંધેરી. ૧૪) રૂા. ૧,૧૦૦/- શ્રી રમેશચંદ જયચંદ નાગડા, નલિયા, કોપ્પલ. ૧૫) રૂા. ૧,૧૦૦/- શ્રી મનોજ લક્ષ્મીચંદ લોડાયા, શ્રી મુલજી જીવરાજ લોડાયા, જખૌ. ૧૬) રૂા. ૧,૧૦૦/- શ્રીમતી જયાબાઇ મુલજી લોડાયા, તિલક મનોજ લોડાયા, જખૌ. ૧૭) રૂા. ૧,૦૦૧/- શ્રી પદમશી કલ્યાણજી શીયાડ, જખૌ-માલેગાંવ.

**ચારો ભેટ :** ૧) ડાન્ગર પડાર કીલો ૫,૪૦૦ (રૂા. ૨૫,૦૦૦/-) શ્રી રાઘવજી લાલજી, જલગામ દ્વારા. ૨) મકાઇ કીલો ૮,૦૦૦ (રૂા. ૨૬,૦૦૦/-) કરસન રવજી પટેલ, સુખપર, ભૂજ. સ્વ. પિતા રવજી દેવરાજ, માતુશ્રી અમરબાઇ રવજી, તથા ધર્મ પત્ની પ્રેમાબાઇની સ્મૃતિમાં. ૩) મકાઇ મણ ૫૦ કિલો ૨,૦૦૦ ગોળ કીલો ૨૦ (રૂા. ૭,૫૦૦/-) શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ સમસ્ત મહાજન તરફથી જ્ઞાતિ સંમેલન પ્રસંગે.

**સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર સાથે અનુમોદના.**

## વાર્ષિક સહાય યોજના ૨૦૧૯

૧ મહીનાના રૂા. ૧,૦૦૦/- લેખેના દાનની આ યોજના અંતર્ગત ઓક્ટોબર ૨૦૧૭ / જાન્યુઆરી ૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૮ દરમ્યાનમાં ૧૫/૧૨ માસના રૂા. ૧૫,૦૦૦/-, રૂા. ૧૨,૦૦૦/- ના દાન માટે ૮૦ જેટલા દાતાઓનો ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો.

વર્ષ ૨૦૧૯ માટે પણ ૧૨ માસના રૂા. ૧૨,૦૦૦/- ના દાનની "વાર્ષિક સહાય યોજના" જાહેર કરીએ છીએ.

**નીચેના દાતાઓ એ વર્ષ ૨૦૧૯ માટે સહાય જાહેર કરેલ છે.**

૧) શ્રી વસંત કરસમી વીકમસી, દાદર, ૨) કુ. અનીષા મહાજન, થાણા, ૩) શ્રીમતી નીલમ વિજય દંડ, મંજલ-મુલુંડ, ૪) શ્રી પ્રવીણ દેવજી ખોના, અંધેરી, ૫) શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુર, ૬) શ્રી મહેન્દ્ર દેવજી ખોના, થાણા, ૭) કુ. શ્રેયા હીરલ હીતેશ શાહ, સુથરી, થાણા, ૮) શ્રી ભરત મુલજી મૈશેરી, મુલુંડ, ૯) શ્રી કીશોર ખીમજી ખોના (કાયાણી), મુલુંડ, ૧૦) માતુશ્રી નવલબેન જયચંદ લોડાયા, વડોદરા, ૧૧) સ્વ. શ્રીમતી ઉર્મિલાબેન પંકજ મોમાયા, વડોદરા. દાન એક સાથે/હપ્તા થી દાતાની અનુકૂળતા મૂજબ સ્વીકાર્ય છે.

શ્રી જખૌ પાંજરાપોળના જીવદયાના ભગીરથ કાર્યમાં સહભાગી થઇ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરનાર સર્વ દાતાઓનું અનુમોદન સહ આભાર. જ્ઞાતિ બંધુઓ તથા સંસ્થાઓ દ્વારા ઉદાર સહયોગ આપવા માટે આગ્રહ પૂર્વક વિજ્ઞપ્તિ.

**વિશેષ સુચના :** પાંજરાપોળ બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ ચેક - RTGS/NEFT કે અન્ય રીતે રકમ ભેટ મોકલનાર દાતાઓએ પોતાના નામ સરનામાની વિગત જણાવવા વિનંતી જેથી રસીદ મોકલવા સુગમતા રહે.

**દાન ઇન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.** **સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name : Sri Jakhau Panjrapol Trust**

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઇ – થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com



સવંત ૨૦૭૫ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન ૨૦૧૯



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫
ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮



## સાંયરા નગરે તીર્થે ૧૪૧મી વર્ષગાંઠનો જોઈશું રૂડો ઠાઠમાઠ...
## આપ સૌ નોંધી લેશો માર્ચ માસ, તારિખ છે છ-સાત-આઠ.....

શ્રી સાંયરા તીર્થ મંડન શ્રી આદિનાથદાદાની મહેર થઈને, ૧૪૧મી વર્ષગાંઠનો રૂડો અવસર આવી રહ્યો છે. અચલગચ્છાધિપતીશ્રીજીના આજ્ઞાવર્તિની પ.પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની શુભ નિશ્રામાં સાંયરા ગામની નિયાણી બહેનોને શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન ટ્રસ્ટના ઉપક્રમે ધ્વજારોહણનો લાભ મળ્યો છે. જેમાં નીયાણી બહેનોએ ખૂબ જ સુંદર લાભ લઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવેલ છે. સર્વે દાતા પરિવારોની ઉદરાતાએ ચોક્કસ કાર્ય સિદ્ધ થશે. તા. ૬-૭-૮ માર્ચ, ૨૦૧૯ના ત્રિ-દિવસીય મહોત્સવમાં નીચે પ્રમાણેની નિયાણી બહેનોએ લાભ લીધેલ છે.

**શ્રી વિનીતા નગરીના લાભાર્થી:** માતુશ્રી પુરબાઈ નરશી રતનશી મોમાયાની નિયાણી બહેનો

**આમંત્રણ પત્રિકામાં લિખિતંગ દાતાશ્રી:** શેઠશ્રી અરજણ કાનજી રામજી લોડાયાની પૌત્રીઓ

**તા. ૦૬-૦૩-૨૦૧૯ ફાગણ સુદ ૧**

સવારની નવકારશીના લાભાર્થી : માતુશ્રી સરલાબેન રતીલાલ ટોકરશી લોડાયાની નીયાણી બહેનો
બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયાની નીયાણી બહેનો
સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી મણીબાઈ રતીલાલ દેવશી તથા
માતુશ્રી તારામતીબેન જેઠાલાલ દેવશી મોમાયાની સુપુત્રીઓ

**તા. ૦૭-૦૩-૨૦૧૮ ફાગણ સુદ ૨**

સવારની નવકારશીના લાભાર્થી : શેઠશ્રી હીરજી હેમરાજ મોમાયા (હુબલીવાળા)ની નીયાણી બહેનો
બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાની સુપુત્રીઓ
સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી લીલાવંતીબેન રાયચંદ નરશી ધ્રોળની સુપુત્રી

**તા. ૦૮-૦૩-૨૦૧૯ ફાગણ સુદ ૩**

સવારની નવકારશીના લાભાર્થી : માતુશ્રી ગંગાબાઈ લધાભાઈ દેવરાજ પટેલની નિયાણી બહેનો
બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી ચંદનબેન વિશનજી દેવરાજ પટેલની નીયાણી બહેનો
સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : શેઠશ્રી જેઠાભાઈ કેશવજી તથા
શેઠ શ્રી ગંગાજર કેશવજી મોમાયા (પટેલ)ની સુપુત્રીઓ

ત્રણે દિવસ શીતલ જલધારાના લાભાર્થી : શેઠશ્રી વાલજી ખેતશી મોમાયાની નીયાણી બહેનો
ત્રણે દિવસ સ્વાદિષ્ટ ચા ના લાભાર્થી : માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળની નીયાણી બહેનો
ત્રણે દિવસ રસીલા શરબતના લાભાર્થી : માતુશ્રી ઉમાબાઈ વાલજી નરશી ધ્રોળની નીયાણી બહેનો

ઉપરોક્ત દરેક પરિવારની અંતરથી અનુમોદના તેમજ અભિનંદન. માતૃભુમિને યાદ કરતી, દાદાના દરબારે ગુણો ગાતી દિકરીઓનું એક મેળાવડો અનોખો હશે. જો તમે હજુ પણ નામ ન નોંધાવ્યા હોય તો, જરૂરથી આજે જ નામ નોંધાવશો. સાંયરામાં ઉતરવાની વ્યવસ્થા જેમને પણ કરાવવાની હોય તેમણે નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.

વાલજી હીરજી ખોના : ૯૯૦૪૯ ૭૨૪૦૩ / ૯૮૨૦૪ ૩૮૭૮૪
રતીલાલ દામજી ધ્રોળ: ૯૭૨૪૯ ૮૨૨૩૨ / ૯૮૨૦૮ ૬૫૮૦૬

આ માત્ર ઝાંખી છે, ધ્વજા મહોત્સવ માણવાનો હજુ બાકી છે. ગામવાસીઓ તથા નિયાણી બહેનોને ખાસ નિવેદન તમારી ટીકીટો બુક કરાવી અમને તરત જાણ કરશોજી.

**સંપર્ક સેતુ :** નિર્મળાબેન વિરચંદ લોડાયા - ૯૮૨૪૨૯૮૨૭૫ ● જયાબેન સુરેશ લોડાયા - ૯૩૨૦૫૫૦૩૩૩
મીતાબેન ભરત મોમાયા - ૯૩૨૩૭૬૭૩૯૮

**લી. શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ ● શ્રી સાંયરા ગામની નિયાણી બહેનો**

UPASANA-9820167767

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન

શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલીયા (૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૮)

મુખ્ય સહયોગી : **શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી** હસ્તે **શેઠશ્રી હંસકુમાર બી. ખીમજી** - તેરા-માટુંગા

શ્રી ચંદ્રપ્રભદાદા તથા અનંતનાથ દાદાની મીઠી મહેર, દેવ-ગુરૂની કૃપા, વડિલોના આર્શિવાદ, આચાર્ય ભગવંતો સહ શ્રમણ-શ્રમણીવંદની કૃપા અને આશિર્વાદ તેમજ ગામેગામના મહાજનોની પધરામણીથી આહ્લાદક ખુશનુમા વાતાવરણ વચ્ચે ચતુર્થ સંમેલન, પ્રથમ રાષ્ટ્રીય નારીશક્તિ-૨૦૧૮ સંમેલન એવં પ્રથમ રાષ્ટ્રિય યુવાફેસ્ટ-૨૦૧૮ સંમેલનની કાર્યવાહી દબદબાભેર સંપન્ન થઇ.

આ મહામહોત્સવની સફળતામાં આપ સૌ જ્ઞાતિજનોનો અનન્ય ફાળો રહેલ છે.

આપ સૌના અનેરા સાથ અને સહકારથી, નલિયા મહાજનશ્રીની ઉત્કૃષ્ઠ યજમાનગિરીથી ચતુર્થ સંમેલનને ચાર ચાંદ લાગી ગયા.

આપ સૌ જ્ઞાતિજનો, શ્રેષ્ઠિવર્યો, દાતાઓ, આમંત્રિતોનો આભાર માનતાં ઋણ સ્વીકારતા અમારા હેયા ગદ્ગદિત થયા છે.

## આભાર..... અનુમોદના..... ઋણ સ્વીકાર..... અભિવાદન..... ક્ષમાયાચના..... અપેક્ષા.....

## ચતુર્થ સંમેલનની કાર્યવાહીઓ

- કેડીઓ ગ્લોબલ કાર્ડ
- માયનોરીટી સેલ
- સમૂહ પહેડી
- માઈક્રો ફાઈનાન્સ
- સંજીવની મેડીકલ યોજના
- વેન્ચર કેટાલીસ્ટ
- સમસ્ત મહાજન મધ્યસ્થ જીવદયા ફંડ
- શાલીભદ્ર યોજના
- આવાસ યોજના
- સ્વરોજ પ્રકલ્પ
- સીનીયર સીટીઝન માટે યોજના
- લવાદ પંચ
- b 2 b યોજના (ક.દ.ઓ. વચ્ચે વ્યાપાર)
- દિવ્યાંગ પેન્શન યોજના
- શિક્ષણક્ષેત્રે ઉચ્ચ શિક્ષણમાં ટાઇઅપ
- ક.દ.ઓ. જ્ઞાતિનો લોગો
- નવા બંધારણને મંજૂરી
- નાની ન્યાતના જ્ઞાતિમાં વિલિનીકરણને માન્યતા સહ નોંધ

❖ વિશિષ્ઠ સેવા / ઉપલબ્ધિ બદલ જ્ઞાતિના વડીલો, તારલાઓને ક.દ.ઓ. જ્ઞાતિરત્ન, ક.દ.ઓ. જ્ઞાતિભૂષણ અને ક.દ.ઓ. જ્ઞાતિ ગૌરવ ઇલકાબોથી નવાજાયા.
સૌ બહુમાન ધારકોની નલીયા પધારી જ્ઞાતિનો એવોર્ડ સ્વીકારવા બદલ અનુમોદના અને અભિવાદન.

❖ ૧૧ શાઈનીંગ સ્ટાર પાઠશાળા (પ્રોજેક્ટર અને કમ્પ્યુટર દ્વારા આજના બાળકોને મનગમતું જૈનીઝમ ઉપર શિક્ષણ)નું વચન શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર તરફથી.
કેડીઓ મહાજન - સંઘની પાઠશાળા માટે સંપર્ક કુમાર બાબુભાઈ દંડ - ૯૩૨૨૬૮૦૦૦૮

❖ અબડાસાના ધારાસભ્ય શ્રી પદ્યુમનસિંહજી જાડેજાએ સંમેલનમાં પધારી ગુરૂભગવંતો અને આપણને યોગ્ય સહકારની આપેલ બાંહેધરી બદલ આભાર.

❖ ભારતીય જૈન માયનોરીટી સંઘના પ્રમુખ શ્રી લલીતભાઈ ગાંધી (કોલ્હાપુર)એ નલીયા પધારી આપણને યોગ્ય માર્ગદર્શન આપી ઉપકૃત કર્યા. આભાર.

❖ ચારેય ડૉમની કલાત્મક રચના, ડેકોરેશન એવં આધુનિક સીટીંગ વ્યવસ્થા તથા ભોજનમંડપના સર્વ આયોજનો સુંદર રીતે વિચારી, આધુનિક પધ્ધતિથી દરરોજ નીતનવા સ્વાદિષ્ટ ભોજન પીરસી સૌને જમાડ્યા તેવા સર્વશ્રેષ્ઠ આયોજનકાર પ્રવિણ લોડાયા, જયેશ જૈન અને મનોજ લોડાયાની ભૂરી ભૂરી અનુમોદના.

❖ આ ચતુર્થ સંમેલનની કાર્યવાહી દરમ્યાન કાર્યકર, પદાધિકારી, ટ્રસ્ટી તરફથી કોઇને પણ મનદુઃખ થયું હોય તો સર્વેની ક્ષમાયાચના સાથે મિચ્છામિ દુક્કડમ્.

**અને ભવિષ્યમાં પણ આપ સૌના આવા જ સાથ - સહકારની અપેક્ષા સહ....**

આયોજક

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

મેનેજીંગ ટ્રસ્ટીઓ : શ્રી તિલોકચંદ નરશી દંડ, શ્રી પ્રવીણ હંસરાજ લોડાયા, શ્રી કિર્તી ધનજી ધરમશી તથા સમસ્ત ટ્રસ્ટીગણ
સેક્રેટરી જનરલ : શ્રી નિશીથ આણંદીલાલ દંડ • સહસેક્રેટરીઓ : સર્વશ્રી રમેશ મોતા, કુમાર દંડ, પીનાકીન છેડા, ફોરમ લોડાયા



યજમાન

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલીયા**

સંમેલન પ્રમુખ : શ્રી મુલચંદ પદમશી મોતા • સ્વાગત પ્રમુખ : શ્રી દિલીપ કુસુમકાંત નાગડા
સમસ્ત ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિ તથા નલીયા ગામવાસીઓ

## ચતુર્થ સંમેલને પસાર કરેલ મુખ્ય પ્રકલ્પ / યોજનાઓ

''સાથી હાથ મિલાના, એક અકેલા થક જાયેગા, મિલકર જોર લગાના''

### સ્વરોજ યોજના

જ્ઞાતિજનો ઘેર બેઠે કુટુંબની આવકમાં વધારો કરી શકે તે માટે વ્યવસાયિક ધોરણે ઉત્પાદન કરે વસ્તુઓના વેચાણને જ્ઞાતિની 'કેડીઓ' બ્રાંડની કંપની સ્થાપી, માર્કેટીંગ ઇન્ફ્રાસ્ટ્રચર ઉભું કરવા તેમજ ઉત્પાદન માટે યંત્રણા ઉભી કરવા સંમેલને ટ્રસ્ટ બોર્ડને રજા આપેલ છે.

આ યોજનાને સહુએ ઉત્સાહીત પ્રતિસાદ આપેલ છે રૂા. દોઢ લાખ કે વધુના શેર હોલ્ડીંગ માટે ૫૦ થી વધુ જ્ઞાતિજનોએ કુલ ૮૦ લાખનું કમીટમેન્ટ આપલે છે.

ધન્યવાદ

આભાર

### કેડીઓ ગ્લોબલ કાર્ડ

જ્ઞાતિજનોની ઓળખ ઉભી કરવા માટે સરકારી કે બિનસરકારી યોજનાઓના લાભ લેવા માટે તેમજ જૈન માયનોરીટી સ્ટેટસમાં શિક્ષણ અને અન્ય બાબતો માટે લાભ લેવા સર્વે જ્ઞાતિજનોનુ ગ્લોબલ કાર્ડ તથા ૨૪ કલાક કાર્યરત કોલ સેંટર હોવું જરૂરી હોઇ તે બાબતની યંત્રણા ઉભી કરવા ખર્ચ કરવાની ટ્રસ્ટ બોર્ડને સંમેલને સત્તા આપી છે. સમસ્ત મહાજનોની સર્વે સેવાઓ ગ્લોબલ કાર્ડ ધરાવનારને જ મળશે. ૫ હજાર લોકોએ યોજનાને વધાવી લીધી હતી. ૫ લાખના ૮ પ્લેટિનમ કાર્ડ સહિત અનંતનાથજી ટ્રસ્ટે મુંબઇના જ્ઞાતિજનો માટે ૧૪૦૦ કાર્ડ અને અન્ય ગામના મહાજનોએ પોતાના ગામના સો પરિવારો માટે નામ નોંધાવ્યા હતા. ગોલ્ડ અને સીલ્વર કાર્ડ પણ નોંધાવ્યા છે.

આભાર, અનુમોદના

### દિવ્યાંગ પેન્શન યોજના

આપણી જ્ઞાતિના દિવ્યાંગો માટે પેન્શન યોજના શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે સંમેલને મંજુરી આપી હતી. આ યોજના માટે માસીક પેન્શન આપવાની જાહેરાત સાથે જોય ગ્રુપના શ્રેષ્ઠીએ ૩ વર્ષ સુધીના કુલ રૂા. ૩૦ લાખની જાહેરાત કરી હતી. કુલ ૩૫ લાખના વચન મળેલ છે.

### સંજીવની મેડીકલ સ્કીમ

જ્ઞાતિજનોને ત્વરિત જરૂરિયાતની સહાય માટે લોકફાળો (Croud Funding) ની યંત્રણા એપ મારફત સંજીવની યોજના સર્વીસ ચાર્જ સહિત ઊભી કરવાનું સંમેલને ઠરાવેલ છે. જ્ઞાતિજનોને ઓપરેશન કે લાંબી બિમારી માટે આર્થિક મદદ મળી શકે તે માટે એપ દ્વારા લોકફાળો ભેગો કરી બે/ત્રણ દિવસમાં મદદ કરવાની આ યોજના બહુજ સમયસરની છે. શ્રેષ્ઠિવર્યોએ જરૂરિયાત મુજબ ફાળો નોંધાવવાની જવાબદારી લીધેલ છે. શરૂઆત કરવા આણંદ પરિવાર (નરેન્દ્ર દંડ) દ્વારા રૂા. ૫ લાખના વચન મળેલ છે. આભાર

### અન્ય પ્રકલ્પો/યોજનાઓ

- માયનોરીટી સેલ
- માઇક્રોફાઇનાન્સ
- મધ્યસ્થ જીવદયા ફંડ
- વેન્ચર કેટાલીસ્ટ
- b2b યોજના
- સીનીયર સીટીઝન યોજના
- લવાદ પંચ
- સમૂહ પહેડી
- ક.દ.ઓ. જ્ઞાતિનો લોગો
- શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણમાં ટાઇઅપ
- નવા બંધારણને મંજુરી
- શાલીભદ્ર યોજના

સૌના સાથ સહકારની અપેક્ષા.

### આવાસ યોજના

બદલાપુરમાં ૩૦૦/૩૨૫ ફુટના બ્લોક દાતાઓની સહાયથી ખરીદી જરૂરિયાત મંદ જ્ઞાતિજનોને ૩ વર્ષ માટે એલોટ કરવા. ભાડું રૂા. ૫૦૦/- માસિક. કાયદાકિય પેપર્સ સહી કરવાના રહેશે. દાતાઓ મળેથી આ સ્કીમ બે વર્ષમાં પુરી કરવાની ઇચ્છા છે. ૨૫ બ્લોકની બે બીલ્ડીંગ માટે બીલ્ડર તૈયાર છે. રૂા. ૧૧/- લાખ પ્રત્યેક બ્લોકના લાગશે ચાર જ્ઞાતિજનોએ પોતાના નામ લખાવ્યા છે. બ્લોક દાતાને નામે જ રહેશે. જ્ઞાતિજનો ૩ વર્ષ સુધી લાભ લઇ શકશે. વધુ દાતાઓની અપેક્ષા.

સર્વે સખીદિલ દાતાઓને ધન્યવાદ

સર્વે કમિટી મેમ્બર્સ, કાર્યકરોને ધન્યવાદ

# દેવલાલી નગરે ત્ર્યાન્હિકા મહોત્સવ સહ અટ્ઠમતપ આરાધના થઈ

અનંત આરોગ્ય નિધિનાં આંગણે દેવલાલી નગરમાં શ્રી વિમલગુણોદય મુક્તિ જય આશિષ, શ્રી નવલ સદ્ગુણા નવગ્રહ ધ્યાનાલયમાં તથા આ ક્ષેત્રમાં તપોબળની વૃદ્ધિ અર્થે પ્રભુ પાર્શ્વનાથ ભગવાનના જન્મ અને દીક્ષા કલ્યાણક ત્ર્યાન્હિકા મહોત્સવ સહ અઠ્ઠમ તપની ભવ્ય આરાધના કરાવવામાં આવી. ગામોગામથી પધારેલા તપસ્વીઓએ પ્રભુભક્તિ સંગે તપજપની સુંદર આરાધના કરી. પ્રતિક્રમણ, સામયિક, દેવનંદન પૂજન, સ્નાત્ર વિશેષ અનુષ્ઠાન સાથે જાપ સંધ્યા ભક્તિમાં ઉત્સાહ ભેર લાભ લીધો. દાતા પરિવારોએ ઉછળતા ભાવે અતરવારણા-પારણા-તપસ્વી બહુમાન એવં ભક્તિ અનુષ્ઠાનોનો લાભ લીધો. દેવલાલી નગરે રહેવાની તથા આવવા-જવાની વ્યવસ્થા ઉદારદિલ હતા. પરિવારો દ્વારા કરવામાં આવી હતી.

અઠ્ઠમ તપના લાભાર્થી પરિવારોમાં રત્ન સ્તંભ હતા પાર્શ્વ ભક્ત પરિવાર અં.સૌ. સોનલબેન રાયચંદ ધરમશી(સુથરી-વરલી) સુર્વણસ્તંભ દાતા માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા(કોઠારા-ચાલીસગાંવ-વિદ્યાવિહાર), ચિ.નિશ્ચય-અ. સૌ મનિષા હરિશ રામજી ખોના(નલિયા-ઘાટકોપર), પ્રજેશ વીરચંદ પટેલ(નલિયા-હુબલી), રજત સ્તંભ દાતા સૌ. પ્રમિલા દામજી દંડ (મંજલ રેલડીયા-અંધેરી), સૌ. રેખા સુનિલ ખોના(સુજાપુર-બેંગ્લોર), ઉમેશ ખેતશી મોતા(નલિયા-ઘાટકોપર), નિલાંજ તિલક શાહ(તેરા-ચેમ્બુર)ની ભૂરી ભૂરી અનુમોદના.

# શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા વિવિધ સૂત્ર કંઠસ્થ અભિયાન પરીક્ષા

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ આયોજિત વિવિધ કંઠસ્થ અભિયાનો જેમાં (૧) ચૈત્યવંદન - ગુરૂવંદન (૨) બે પ્રતિક્રમણ (૩) પાંચ પ્રતિક્રમણ (૪) ચાર પ્રકરણ (૫) છ કર્મ ગ્રંથમાં જોડાયેલ ફોર્મ ભરેલ સૌ સજ્જ રહેજો. પરીક્ષા નજીક આવી છે. ૧૫ જાન્યુઆરી પહેલા આ પરીક્ષા લેવાની છે. જેઓના તૈયાર થઈ ગયા છે તેઓ પોતાનું ગામ, વય, હાલ રહેઠાણ કયા અભિયાનની પરીક્ષા આપશો. વગેરે માહિતી મો.નં. ૯૭૫૭૨૧૯૫૨૭ ઉપર વોટ્સએપ મેસેજ કરશો. જેથી પરીક્ષા અંગેની જાણ ફોન દ્વારા કરવામાં આવશે. વિશેષ માહિતી રામજી શામજી ધરોડ ૯૩૨૩૧૯૧૦૫૦ પાસેથી મેળવવી.


Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



MA OM PARIVAHAN PVT. LTD.
WORK IS WORSHIP
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
WAREHOUSE
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

LA.LAA.PO.
VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694



Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)
• Mulund • Bhandup • Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com
Vipul L. Poladia
9833060660
9869167172
8369170575
Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

# લાલા ગામની વાર્ષિક જનરલ સભા

શ્રી લાલા ચંદ્રપ્રભુ જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ દ્વારા લાલા ગામની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ રવિવારે રોજ અનંત સિદ્ધિ હોલ, એલ.બી.એસ.માર્ગ, ભાડુંપ(પશ્ચિમ) ખાતે બપોરે ૩ થી ૫ દરમ્યાન યોજાયેલ છે. જેમાં પધારવા ગામવાસીઓને આમંત્રણ છે. સભાને અંતે અલ્પાહાર તેમજ ચાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ગામમાં બિરાજમાન શ્રી ચંદ્રપ્રભુ દાદાના જિનાલયનો ધ્વજા મહોત્સવ તા. ૯ ફેબ્રુઆરી ૨૦૧૯ શનિવાર વસંત પંચમીના દિને રાખેલ છે. જેમાં ગામવાસીઓ, નિયાણીબહેનો, રાણપર ગામના લાલાવાસીઓ તથા નિયાણી બહેનોને સહર્ષ પધારવાનું નિમંત્રણ છે.

મહાજનશ્રીની વિવિધ યોજનાના સહયોગી લાખેણા દાતા માતુશ્રી લક્ષ્મીબેન મુલજી ભીંયશી લાલકા પરિવાર તથા ગોલ્ડન સહયોગી દાતા માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ રાજપાર મૈશેરી પરિવાર હસ્તે માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશરી પરિવાર (મુલુંડ-દુબઈ)ની ભૂરી ભૂરી અનુમોદના.

# શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ખંડવા નગરે ત્રિન્હિયકા મહોત્સવ

પૂ. સા. પુણ્યોદયાશ્રીજી મ.સા.ની શિષ્યા પૂ. સાધ્વી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની નિશ્રામાં આ વર્ષે પોષ દશમની આરાધના કરવાનો લાભ મળ્યો છે. તે ઉજવવા માટે ક.દ.ઓ. સંઘે ત્રણ દિવસનો મહોત્સવ મનાવ્યો. ૩૦ ડિસેમ્બર પંચકલ્યાણક પૂજા, ૩૧ ડિસેમ્બર નવકાર મંત્ર આરાધના નવકાર મંત્ર આરાધક જિગ્નેશભાઇ શાહ, મુંબઇ દ્વારા કરાવવામાં આવ્યો. ૧ જાન્યુઆરી ૨૦૧૯ના અઢાર અભિષેક કાર્યક્રમ કરવામાં આવ્યો.

નવકાર આરાધક જિગ્નેશભાઇ શાહના કાર્યક્રમ નવકાર આરાધક શ્રી જયંત રાહીના એવા કાર્યની જાણકારી લોકોને મળી ત્યારે ખંડવા સકલ સંઘે સાધર્મિક ભક્તિમા સહયોગ બતાવ્યો. તેમા ખંડવા જેવા નાના સંઘના લોકોએ ૭૨,૦૦૦/-નું યોગદાન આપ્યું.



## ઘાટકોપર મધ્યે હોમિયોપેથિક મેડીકલ કેમ્પનું આયોજન

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૬-૦૧-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૬-૦૧-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૭-૦૧-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : ૯૬૧૯૨૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં ત્રણ દિવસ અનારાધાર જિનવાણીનો લાભ

શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ સેક્ટર નં.૧૪ એમ.જી.કોમ્પલેક્સ વાશીમાં તા.૪ શુક્રવાર તા.૫ શનિવાર ના ૨૩ વર્ષ બાદ ગુરૂવારના વાશી પ્રવેશનો પ્રસંગ મળ્યો. આ બન્ને દિવસ સવાર સાંજ બે-ટાઈમ અધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા., યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ ધર્મ જ્ઞાનવાણીથી સકળ સંઘ ધન્ય થયા.

એ.પી.એમ.સી. માર્કેટ દાણાબંદરમાં વેપારી અને મંદીમાં પણ મસ્તી વિષયક સુંદર પ્રવચન આપ્યું. શનિવારે અમાવસ્યા તિથિ હોતા શ્રી મુનિસુવ્રત સ્વામી પંચકલ્યાણક પૂજાનું સુંદર આયોજન થયું. આરતીનું મહત્વ સમજાવ્યું અને મહાઆરતી થઈ. પહેલીવાર પૂજ્યશ્રીના પુનિત પગલે અને પાવન વાણી દ્વારા ત્રણ દિવસીય સ્થિરતા કરી. જે પર્યુષણ પર્વ જેવી જોરદાર જમાવટની વાશી સંઘ ધન્ય ધન્ય થયું. હજુ તા.૬ રવિવારનો દિવસ બાકી છે. ત્યારબાદ પૂજ્યશ્રી વિહાર પ્રયાણ કરી ઐરોલી પધારશે.





**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

# શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ મુલુંડને આંગણે જિનવાણીનો અનેરો લાભ

સૂરી ભગવંતોની કૃપાએ આધ્યત્મયોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. તા.૯ જાન્યુઆરી બુધવારના સવારે દેવીદયાલ રોડ મુલુંડ(વેસ્ટ)થી સવારે ૯ કલાકે ઝવેર રોડ વાસુપૂજ્ય દરબારે પધારશે. પૂજ્યશ્રીનું માર્મિક મર્મશીલ અને ઓજસ્વી પ્રવચન સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ કલાકે શ્રાવિકા ઉપાશ્રય રજા માળે રહેશે. ગચ્છના ગૌરવવંતા ગુરૂદેવોના મળેલા અનેરા સાંનિધ્ય અને પ્રભાવક પ્રવચનને ઓળખવા સમસ્ત જૈનધર્મી આરાધકોને તથા પરિસર એરિયાના કચ્છી પરિવારો પધારવાનું નિમંત્રણ સંઘ-સમાજના મંત્રીઓ દ્વારા અપાયેલ છે.

ત્યારપછી સવારે ૧૦.૩૦ કલાકે પૂજ્યશ્રી ઝવેર રોડથી વિહાર કરી સર્વોદયનગરે પાર્શ્વ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર અચલગચ્છ ઉપાશ્રયે પધારશે. પૂજ્યશ્રીની મળેલી ૧ દિવસની સ્થિરતાનો વધુમાં વધુ દર્શન વંદનનો લાભ લેવાની ભલામણ છે.

# ઉદયગુણ ગુરૂવરોનો આ છે વિહાર કાર્યક્રમ મુંબઈના વિવિધ સંઘોને ગુરૂવાણીનો અપાર લાભ મળશે

સૂરિભગવંતોની કૃપાએ અધ્યાત્મયોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નજી મ.સા., યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજીનો આગામી વિહાર કાર્યક્રમ આ મુજબ છે તા.૪-૫-૬ વાશી, તા.૭ ઐરોલી, તા.૮ મુલુંડ(પૂર્વ), તા.૯ મુલુંડ(પશ્ચિમ) ઝવેર રોડ, તા.૧૦ ભાંડુપનગરે, તા.૧૧ વિક્રોલી તા.૧૨ જગડુશા નગર સંઘ, તા.૧૩ અસલ્ફા, તા.૧૪ જીરાવલ્લા, તા.૧૫ ચેમ્બુર, તા.૧૬ વડાલા નગરે, તા.૧૭ માટુંગા સંઘમાં, તા.૧૮ દાદર તા.૧૯ લાલબાગ અને તા.૨૦ જાન્યુ.રવિવાર રોજે મસ્જિદ બંદર અને ખેતવાડી સંઘમાં પદાર્પણ કરશે. દરરોજ પૂજ્યશ્રીના ઓજસ્વી માર્મિક પ્રવચનો રહેશે. સકળ સંઘ દર્શન-વંદન અને પાવન વાણીનો લાભ લેવા ભલામણ આત્મિય સ્વજનો મહેન્દ્ર મોતા, વસંત હરિયા તથા પ્રકાશ સાવલા દ્વારા કરાઈ છે.






૪૦ દિક્ષાર્થી મુમુક્ષોનું અભિવાદન કરવા મહારાષ્ટ્ર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને આમંત્રણ શાંતિકનક ટ્રસ્ટના હિતેન્દ્ર મોતા અને સહયોગીઓએ આપ્યું હતું. આ અવસરે શિક્ષણ પ્રધાન વિનોદ તાવડે ઉપસ્થિત હતા.

# દેવલાલી નગરે ૧૦૮ પાર્શ્વનાથ એકાસણા સાથે આરાધના તપ થયું

પોષમ દસમથી પોષ દસમ બાર માસ સુધી ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના એકાસણા આયંબીલ સાથે આરાધનાનું આયોજન થયેલ. જેમાં બસો શ્રાવક શ્રાવિકાઓ ભાગ લઈ સુંદર પ્રતિસાદ આપ્યો હતો. છેલ્લા એકાસણાનું તથા આરાધક બહુમાનનો કાર્યક્રમ દેવલાલી અનંત આરોગ્યનિધિ મધ્યે તા.૧ જાન્યુઆરી મંગળવાર રોજે આયોજિત કરવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. એકાસણા તેમજ ૧૦૮ પાર્શ્વનાથ આરાધનાનો લાભ આપેલ. દાતા પરિવાર તરફથી તેઓનું બહુમાન કરવામાં આવેલ. દાતા લાભાર્થી પરિવારમાં મુખ્ય લાભાર્થી માતુશ્રી કાંતાબેન મુરજી રાઘવજી લોડાયા(સાંધવ-દાદર) સહાયક લાભાર્થી ચિ.નિશ્ચય, સૌ.મનિષાબેન હરિશ રામજી ખોના (નલિયા-ઘાટકોપર), માતુશ્રી મધુબેન લહેરચંદ ડાઘા(વરાડીયા-ભાંડુપ), દેરાણા જેઠાણી પરિવાર(મુંબઈ) એક સદ્‌ગૃહસ્થ, માતુશ્રી દમયંતિ દિનેશ લાલકા (નલિયા-મુલુંડ) અને મહિલા મંચ(જલગાંવ), સર્વે દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના.




ISO 9001:2015
B INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

Bipin Nagda
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station,
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

## કે.ડી.ઓ.વેલ્ફેર એસોસીએશન ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના

C/o. દીપક ગંગાજર ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલરાજેશ્વર મંદિર પાસે,
એલ.બી.એસ.માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૮૦. email : kdosss@yahoo.in • Mobile : 8767753082

૨૮-૨૮ વર્ષોથી જ્ઞાતિની સેવામાં વિશ્વનું સૌથી સસ્તું બોનસ સહિત પ્રિમિયમ પરત જીવન વીમા તથા અકસ્માત વીમા કવચનું લાભ. સ્વાર્થ સાથે પરમાર્થ. કોઈને કદાચ રૂા. ૭૫,૦૦૦/-નું વીમા કવચ મામુલી લાગે પણ અન્ય જ્ઞાતિજનોની સેવા ખાતર પણ આપ સર્વે ફક્ત એક જ વખત રૂા. ૨૨૦૦/- ભરી. આ સામાજિક સુરક્ષા યોજનાના મેમ્બર બનવા અનુરોધ છે.

૫૩ વર્ષની વય સુધીમાં સભ્ય બની શકાય છે. ૫૫ વર્ષની વય સુધી જીવન વીમાનું રૂા. ૭૫,૦૦૦/- તથા અકસ્માત વીમાનું વધારાનું રૂા. ૭૫,૦૦૦/-નું કવચ રહે છે. ૫૫ વર્ષ બાદ નિયત બોનસ સહિત ડીપોઝીટની રકમ પરત અપાય છે.

જે સભ્યોની જન્મ તારીખ ૧-૧૦-૧૯૬૩ થી ૩૧-૧૨-૧૯૬૩ની છે. તેમના ૫૫ વર્ષ પુરા થવાથી વસતીપત્રકમાં આમેજ સરનામે પત્ર સાથે ચેક મોકલી આપવામાં આવ્યા છે. તા. ૧૦-૧-૨૦૧૯ સુધી ન મળે તો સંપર્ક કરવો. જૂનો કેટલાક ચેક હજુ બેંકમાં આવ્યા નથી. ચેક ન મળ્યાં હોય તો સંપર્ક કરવા વિનંતી છે.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મહાસમિતિના સભ્યો, જ્ઞાતિના મહાજનના પદાધિકારીઓ તથા જ્ઞાતિના સામાજીક કાર્યકરોને આ યોજનાને પ્રતિસાદ આપે તો હજુ વધારે જ્ઞાતિજનોને લાભ મળી શકે તથા સભ્ય પદ વધે તો વીમાની રકમ પણ વધારી શકાય.

**વર્તમાન અન્ય પદાધિકારીઓ**

**ઉપપ્રમુખ : શ્રી શરદ હેમરાજ મોમાયા, હુબલી - ૯૪૪૮૧૧૬૦૦૨**

**સેક્રેટરી : શ્રી રમેશ હીરજી લોડાયા, ડોંબીવલી - ૯૮૯૨૦૦૩૯૩૪૦**

**ખજાનચી : શ્રી કાંતીલાલ લખમશી વિક્રમશી, મુલુંડ - ૯૮૩૩૦ ૬૮૮૮૧**

અત્યાર સુધી ૧૧૨૦૦ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. તેમાંથી ૩૪૩ સભ્યોનું સભ્યપદ દરમ્યાન અવસાન થતા તેમના નોમીનીને રકમ ચૂકવવામાં આવી છે/આવી રહી છે. ૩૦૭૩ સભ્યો ૫૫ વર્ષે રીટાયર થતા તેમને નિયત બોનસ સહિત રકમ પરત કરાઈ છે. આજે ૭૭૮૩ સભ્યો રોલ પર છે. હજુ ઘણો અવકાશ છે. જ્ઞાતિજનોને લાભ લેવા અનુરોધ છે.

Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.
Larin Khona
(Sujapar)
anmol COLLECTION
ART & FRAMES
ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS
/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com




● મૂળ લોરિયા કચ્છની મુંબઈ રહેતી મીનલ ભાનુશાલી એમ.બી.એ. ફાઈનાન્સ સાથે આઈ.ટી. એન્જીનિયરીંગનો કોર્સ કરી હાલે રિસર્ચ એનાલિસ્ટ ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચમાં જોબ કરે છે. પોતાના ખર્ચે કોઈપણ જાતના પ્રાયોજક વિના સાહસિક રીતે તે પોતાની બાઈક લઈ કચ્છનો પ્રવાસ ખેડી, ગામડા ખૂંદી મહિલાઓની સમસ્યા, તેની માનસિકતા જાણવાનો પ્રયાસ કર્યો હતો.

● યોગએ વિશ્વને ભારતની અમૂલ્ય ભેટ છે. ભુજના મનોચિકિસિક ડૉ.દેવ જ્યોતિ શર્માએ પ્રથમ વખત પૂર્વની યોગના મનો વિજ્ઞાન ધ્યાનને સાંકળતી યોગ સાઈકોથેરેપી વિકસાવી છે. પાંચહજાર વર્ષ જૂની પધ્ધતિ યોગનો ઊંડો અભ્યાસ, પુસ્તકોના જ્ઞાનના નિચોડ રૂપે તેઓએ કુંડલી જાગૃતિ કરનારી યોગ સાઈકોથેરેપીનું નિર્માણ કર્યુ છે.

● ૧૫૦ થી વધુ મોરેશિયસના યુવકોને સાહસિકતા અંગે શિક્ષિત કરનાર કચ્છી બિઝનેસ ગુરૂ અને ૩૯ સોલ્યુશનના સ્થાપક બસેશ ગાલાનું રીપબ્લિક ઓફ મોરે શિયસના વર્તમાન પ્રેસિડેન્ટ પરમશીવમ પીલ્લે વ્યાપુરીએ પ્રશસ્તિ પત્ર આપી બહુમાન કર્યુ. મોરેશિયસમાં ગરીબી દૂર કરવા શું કરવું અને નવી પેઢીના સાહસિકો તૈયાર કરવા કટિબધ્ધ સ્વૈચ્છિક સંસ્થા 'યુવા'એ બસેશ ગાલાને આમંત્રિત કર્યા હતા અને વિશ્વમાં હરીફાઈનું અસરકારક સામર્થ્ય કેળવવા આધ્યાત્મિક શક્તિ કેળવા હાકલ કરી હતી.

● લોહાણા મહાજન રાપર અને રવિભાણ સંપ્રદાય દરિયાસ્થાન મંદિર ટ્રસ્ટના આયોજન હેઠળ વિનામૂલ્ય ૧૬ મા નેત્રયજ્ઞ કાનુબેન દેવજીભાઈ મોરબિયા પરિવારના આર્થિક સહકારથી યોજાયો. જેમાં ૩૦૦ દર્દીઓની તપાસણી કરી ૫૧ આંખના દર્દીઓના રાજકોટમાં રણછોડદાસજી હૉસ્પિટલમાં મોતિયાના ઓપરેશન કરાયા હતા. વિનામૂલ્ય નેત્રમણિ બેસાડી, આવવા, જવાની, સગવડ, ચા-પાણી, જમવાની વ્યવસ્થા કરી અપાઈ હતી.

● કચ્છમાં ખાસ કરીને અબડાસા અને લખપતમાં દુષ્કાળની સ્થિતિ એટલી ગંભીર અને દારૂણ છે કે પશુમાલિકો પોતાના ઢોરોને ઘરે ન બાંધતા રખડતા મૂકી દે છે. આવા અંદાજે દસ હજાર રખડતા ઢોરોમાંથી ૨૧૦૦ ઢોરોને ગામેગામથી એકત્ર કરી ૩૦ કિ.મી. લાંબી ગૌવંશ બચાવ યાત્રા કાઢી રાતાતળાવ પાંજરા પોળમાં નિભાવ માટે લવાયા હતા.

● ભુજના જાણીતા સ્ત્રી રોજ તજજ્ઞ ડૉ. સુરભિ વેગડનો બહેનોને લગતા રોગો માટે જાગૃતિ અને રોગ સજાગતા માટેનું પ્રવચન વડનગરા નાગર મહિલા મંડળ ભુજના ઉપક્રમે યોજાયો. નિષ્ણાત સ્ત્રી રોગ તબીબે દ્રશ્યશ્રાવ્યના માધ્યમથી બાળકીના જન્મથી માંડીને કિશોરાવસ્થા યુવાની. લગ્ન પહેલાં અને પછીની સ્થિતિ તેમજ મેનોપોઝ, કેન્સર જેવી સ્ત્રીઓને લગતી સમસ્યાઓનું સચોટ અને રસાળ શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. ખાસ કરીને તેમણે નાનપણથી જ કસરત કરવાની ટેવ પાડવાનું જણાવ્યું હતું.

● લખપત તાલુકાના દયાપર ગામથી છેલ્લા બે વર્ષથી દયાપરના યુવાનો લાખાપરથી રણુજા સુધીની સાઈકલયાત્રા આયોજન કરે છે. આ વર્ષે ૨૧ યુવાનો રામાપીરના દર્શન કાજે રણુજા માટે પ્રસ્થાન કર્યુ.

● શાઈનીંગ ગ્રુપ કલબ ભુજ દ્વારા સ્ત્રીઓ માટે સ્વાસ્થ્ય સમજણ શિબિરનું સ્નેહમિલન કાર્યક્રમ પ્રસંગે આયોજન કરાયું હતું. જેમાં તજજ્ઞ ડો. કૃતિ આચાર્યએ સ્વસ્થ જીવન જીવવા ડાયેટ ઉપર કાબૂ સાધારણ કરસત, યોગ વગેરેનું મહત્વ સમજાવ્યું હતું. જે ઘરની સ્ત્રી નિરોગી અને અશક્ત તથા સ્વસ્થ હશે તો કુટુંબને સાચવી શકશે. મહિલાએ જરૂરી ખોરાક તેને લગતા પ્રોટીન્સ કેલ્સિયમ ફાઈબરવાળા ખોરાક લેવાથી વજન બેલેન્સ કરી શકાશે તેવું તેમણે સમજાવ્યું હતું.

# જીવન ઘટમાળ

## • સમૂહલગ્ન •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૨-૨૦૧૮ | ભુજોડી | ફેનીલ મહેન્દ્ર પદમશી લોડાયા | કોઠારા | ૨૬ |
| | કોઠારા | રિદ્ધિ શા. દિનેશ નવીનચંદ્ર મોતા | રાપરગઢવારી | ૨૫ |
| ૦૯-૧૨-૨૦૧૮ | મલાડ | સૌરભ શા. ખુશાલ જીવરાજ મોતા | વારાપધ્ધર | ૨૬ |
| | ગાંધીધામ | સુરભિ શા. જવેરચંદ પદમશી નાગડા | પરજાઉ | ૨૪ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ડોંબિવલી | સમીર શા. નરેશ કલ્યાણજી લોડાયો | મંજલ રેલડિયા | ૨૭ |
| | માણાવદર | સ્નેહલ શા. મહેશ વિસનજી છેડા | નલિયા | ૨૫ |
| ૦૯-૧૨-૨૦૧૮ | કલીકટ | જીગર શા. વિજય ભવાનજી લોડાયા | નલિયા | ૩૦ |
| | નાંદેડ | ભક્તિ શા. ભુપેન્દ્ર માણેકજી પોલડીયા | બાયઠ | ૨૫ |
| ૦૯-૧૨-૨૦૧૮ | નિઝામાબાદ | મીત શા. નિલેશ ઉત્તમચંદ મોતા | વારાપધ્ધર | ૨૫ |
| | ગાંધીધામ | નિશી શા. હિતેશ શાંતિલાલ મોમાયા | સાંયરા | ૨૧ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ડુમરા | અક્ષયકુમાર શા. રમેશ દેવજી સોની | વાંકુ | ૨૨ |
| | સાંયરા | તોરલ શા. નરેન્દ્ર દામજી લોડાયા | - | ૨૦ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ડોંબીવલી | કપીલ શા. હિરેન સોમચંદ ધુલ્લા | સુથરી | ૨૮ |
| | હૈદ્રાબાદ | હેનલ શા. દીપક મેઘજી મોમાયા | વરાડીયા | ૨૦ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ગાંધીધામ | સ્મિત શા. દિલીપ પ્રેમચંદ મોમાયા | જખૌ | ૨૫ |
| | ડોંબીવલી | મોનિકા ચેતન શામળદાસ આશર | જામનગર | ૨૫ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ડોંબીવલી | નિરવ શા. ઝવેરચંદ રતનશી શાહ | ડુમરા | ૨૪ |
| | ભુજ | ખ્યાતિ શા. હિરેન વિશનજી પોલડીયા | ગોએરસમા | ૨૨ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ભુજ | વૈભવ શા. મનસુખલાલ કેશવલાલ શાહ | અંગીઆ મોટા | ૩૦ |
| | ભુજ | બિંદી રજનીકાંત તલકશી શાહ | - | ૨૯ |
| ૦૯-૧૨-૨૦૧૮ | માંડવી | જીતેન શ્રી રજનીકાંત શાંતિલાલ શાહ | - | ૩૨ |
| | ભુજોડી | લીમ્પા શ્રી મનસુખલાલ અમૃતલાલ મહેતા | નખત્રાણા | ૩૦ |
| ૦૯-૧૨-૨૦૧૮ | અમદાવાદ | વિરલ શ્રી ઈન્દ્રવદન કાંતિલાલ જૈન | મુંદરા | ૩૦ |
| | રાજસ્થાન | સુરભિ લલિતકુમાર ઘર્મીચંદજી જૈન | પાલી | ૨૩ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ભુજોડી | કૃણાલ શ્રી બકુલ મગનલાલ ઝોટા | રાપર | ૨૭ |
| | ભુજ | પ્રિયંકા શ્રી હિરાસિંહ બખ્તાવરસિંહ રાઠોડ | - | ૨૬ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ભુજ | સાવન શ્રી શશિકાંત ભાઈલાલ શાહ | મોટા અંગીયા | ૨૯ |
| | ભુજ | રિદ્ધિ શ્રી મહેન્દ્ર લક્ષ્મીચંદ વોરા | બેલા | ૨૮ |
| ૦૯-૧૨-૨૦૧૮ | ભિવંડી | રાજેશ શા. સુભાષ મેઘજી લોડાયા | મોટી ખાવડી | ૨૫ |
| | પુના | રશ્મિ શ્રી સુભાષ બોંગારડે | - | ૨૪ |
| ૦૯-૧૨-૨૦૧૮ | વાપી | રિતેશ શા. પ્રદીપ વેરસી સાયલા | તેરા | ૨૬ |
| | ડોંબીવલી | રચના શ્રી દત્તારામ ગોવિંદ તાંબે | ઓજરમ | ૨૫ |

## • મરણ નોંધ •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૧૨-૨૦૧૮ | ખીરકીયા | લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા | લાલા | ૮૯ |
| ૨૮-૧૨-૨૦૧૮ | જલગામ | કાંતિલાલ ભવાનજી ખીમજી મોતા | કુઆપધ્ધર | ૮૦ |
| ૩૧-૧૨-૨૦૧૮ | ડોંબિવલી (પૂ) | વીરચંદ આણંદજી ખોના | વાંકુ | ૭૬ |
| ૦૩-૦૧-૨૦૧૯ | ભાંડુપ (પ) | લહેરચંદ વેલજી મૈશેરી | લાલા | ૭૮ |

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ

જૈન મહાજનના

ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ

તથા કારોબારી સભ્યોને

જ્ઞાતિના ચતુર્થ સંમેલનને

મળેલી અભૂતપૂર્વ સફળતા

બદલ

હાર્દિક અભિનંદન



**નલિયા એક્તા પરિવાર – મુંબઈ**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO